# અમૂલ્ય

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણ, આણંદ**

**અંક :૧૬** **ઓક્ટોબર — ૨૦૧૪** **પાન સંખ્યા - ૧૬**



**તંત્રી :** ડૉ હિતેશ એન. દવે.
**સહતંત્રી :** ધર્મેશ આર. પટેલ


## લેખકને

- શિક્ષકોને પ્રેરણાદાયી, વર્ગ શિક્ષણકાર્યમાં ઉપયોગી બને તેવા મૌલિક, સરળ ભાષામાં, અભ્યાસપૂર્ણ, અનુભવજન્ય, ટૂંકા લેખો આવકાર્ય છે.
- બાળક, શાળા કે શિક્ષણકેન્દ્રી વાર્તાઓ – બાળકાવ્યો, પ્રસંગકથા - ઘટનાઓ, સ્થાનિક પર્યાવરણને અનુરૂપ લેખો આવકાર્ય છે.
- અન્યત્ર પ્રગટ થયેલ કૃતિ ન મોકલવી.
- લેખ પ્રકાશન અંગે પત્રવ્યવહાર ન કરવો.
- સામયિકમાં પ્રસિદ્ધ થતા વિચાર સાથે તંત્રી સહમત છે, તેમ માનવું નહીં.

## પ્રકાશન ટીમ

શ્રી તિલોતમા વી. સોલંકી
શ્રી શરદભાઈ એચ. પટેલ
શ્રીમતી મીરાબેન જાદવ
શ્રી પિયુષભાઈ ચાવડા
શ્રી ધર્મેશભાઈ રામાનૂજ

## પત્ર વ્યવહારનું સરનામું


પ્રતિ,
તંત્રીશ્રી, '**અમૂલ્ય**'
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણ
ફોન/ફેક્સ : ૦૨૬૯૨ ૬૫૧૬૫૦
મો.નં:૭૫૬૭૮૬૫૪૪૪
Email:diet_anand23@yahoo.com
hiteshndave1972@hotmail.com
www.dietanand.org


## શૈક્ષણિક હેતુ અને સંદર્ભ સાહિત્ય

સુજ્ઞ સારસ્વત મિત્રો,

વિક્રમ સવંત ૨૦૭૧નું આ નવલું વર્ષ યશસ્વી, સુખ, સમૃદ્ધિ, શાંતિ અને તમામ ક્ષેત્રે ફળદાયી નીવડે તેવી આપ સર્વેને ડાયેટ પરિવાર વતી હાર્દિક શુભકામના.

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' નો મંત્ર સાકાર કરવા પૂજ્ય ગાંધી બાપુને યાદ કરી આસપાસનું પર્યાવરણ સ્વચ્છ બને તે માટે સહિયારો પ્રયાસ આદરીએ, શરૂઆત આપણાથી જ કરીએ. સર્વોદય કેળવણી અને નઈ તાલીમ મારફતે ગાંધીજી એ કેળવણીને જીવન ઉપયોગી બનાવવાનો સંદેશ આપ્યો.

કેળવણીમાં નવીનતા નાવીન્ય પ્રયોગો થતો રહે અને તે મારફતે બાળકની શીખવાની પ્રક્રિયા સહજ બને તે માટે આપણે જાગ્રત અને પ્રયાસશીલ બનીએ. આપણા થકી થતાં નાવીન્યપૂર્ણ પ્રયોગોનું આપણી શાળામાં અને આસપાસની શાળાઓના સારસ્વત મિત્રો સાથે આદાન-પ્રદાન કરીએ. સાથે જ અવનવા પ્રયોગો માટે પ્રોત્સાહિત કરીએ.

વિશેષમાં સત્રના અંતે યોજાયેલ શિક્ષક તાલીમ દરમિયાન મેળવેલ તાલીમનો વર્ગખંડ કક્ષાએ અસરકારક અમલ આપના થકી થશે જ એવી શ્રદ્ધા સાથે ....

નૂતન વર્ષની શુભકામના.

**ડૉ. હિતેશ એન. દવે**
**પ્રાચાર્ય**
**(નાયબ નિયામક)**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**આણંદ (વલાસણ)**

# અલંકાર અને તેના પ્રકારો

**પ્રસ્તાવના :**

સૌંદર્ય માનવમાત્રને આકર્ષે છે. આદિકાળથી માનવ સૌંદર્યની ખોજ કરે છે અને સૌંદર્ય જોઇને તે અભિભૂત થઇ જાય છે. સાહિત્યક્ષેત્રે પણ સાહિત્યકારો સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ની સતત સાધના કરતા જોવામાં આવે છે. પોતાની અભિવ્યક્તિને સાર્થક અને અસરકારક બનાવવા માટે તે ભાષાને વિવિધ અલંકારોથી સમૃદ્ધ કરે છે. આમ, અલંકાર માટેની તીવ્ર ઝંખના આમ જનસમૂહ તેમજ સૌંદર્યપિપાસુ એવાં સાહિત્યકારોમાં અપ્રતિમ રીતે જોવા મળે છે. અલંકાર શબ્દના મૂળમાં છે. अलम् + कृ (સુશોભિત કરવું, શણગારવું, સુસજ્જ કરવું) ધાતુ પરથી બનેલો અલંકાર છે. અલંકાર એટલે આભૂષણ , अलम् क्रियते अनेन इति अलंकार : | અર્થાત્ જેના વડે સાહિત્યકૃતિ શોભી ઉઠે તેને અલંકાર કહેવામાં આવે છે. દંડિતના કથન મુજબ काव्यशोभाकरान धर्मान शब्दोंन अलंकारन प्रचक्षते |

અલંકારોથી જેમ શરીરને શોભા વધે છે તેમ શબ્દ કે અર્થના અલંકારો વડે કાવ્યની શોભા વધે છે. તેના સૌંદર્ય અને માર્મિકતામાં વૃદ્ધિ થાય છે. વકતવ્યને સચોટ અને અસરકારક બનાવવામાં અલંકારો ઉપયોગી છે.

કાવ્ય સર્જનમાં વિચારોને કે લાગણીઓને હૃદયગમ્ય, સંક્ષિપ્ત અને મધુર રીતે વ્યક્ત કરવા માટે અલંકારોને અનિવાર્ય ગણવામાં આવ્યા છે. માનવ હૃદયની ભાવનાઓ, ઉર્મિઓ, સંવેદનો અને લાગણીઓ રજૂ કરવા માટે જ્યારે વાણી પણ મૌન બની જાય છે ત્યારે અલંકારો માનવના સુક્ષ્માતીસુક્ષ્મ સંવેદનાઓને પણ સફળતાપૂર્વક મર્મ વેધક રીતે રજૂ કરે છે. કાવ્યમાં સીધાસાદા કથનથી વૈવિધ્ય કે સૌંદર્ય જન્મતું નથી. આથી પોતાના અનુભવની સચોટ અભિવ્યક્તિ માટે સર્જક અલંકારોનો આશ્રય લે છે, જયંત કોઠારી તેમના 'ભારતીય કાવ્ય સિદ્ધાંત' માં કહે છે : 'પોતાને અભિપ્રેત વક્તવ્ય સચોટતાથી વ્યક્ત કરવા કવિ અલંકાર પ્રયોજે છે.' જેમ કે બાલમુકુંદ દવે મધ્યરાત્રિનું ચિત્ર ઉપસાવતા સજીવારોપણ અલંકારનો ઉપયોગ કરે છે.

શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અલંકારના મર્મ વિશે મંતવ્ય રજૂ કરે છે : 'અલંકાર એ રમ્યતા અને આકર્ષણ વધારવા કવિ વાપરે પણ બહુધા તો તે ભાવના – સત્યના આવિષ્કાર માટે આવશ્યક છે. '

હરીન્દ્ર દવે પોતાની એક કાવ્યકૃતિમાં ઉત્પ્રેક્ષા અલંકારનો ઉપયોગ કરે છે.

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા.

ડૉ. જયંત પાઠકના મંતવ્ય અનુસાર સર્જક પોતાના અનુભવને જયારે શબ્દરૂપ આપે છે ત્યારે ઘણી વાર અનુભવનું શબ્દમાં પ્રતિનિધાન કરવા જતાં એને જે ઓછપ વર્તાય છે તે ઓછપની ખોટ પૂરવા અલંકાર પ્રયોજાતો હોય છે.

રેમન્ડઝના મંતવ્ય અનુસાર “The poet puts extra force into his language and in order to do so , his language becomes figurative”

**કેટલાક ઉદાહરણો જુઓ :**

(૧) મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.

(૨) લાગણીનું પાન લીલું રાખવા
આંસુ ક્યાં ઉઘરાવવા ચારે તરફ ...

(3) શ્વાસ : તુલસીની જાણે ચોપાઈ
આયખું : મંદિરોની પીછવાઈ...

(૪) તને મેં ઝંખી છે ,
યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી – સુંદરમ્

(૫) જિંદગી સોનેટ જેવી જોઈએ,
ટૂંકી છતાં દઢબંધ...

ટૂંકમાં, અલંકાર પ્રયોજાય છે, ભાષાનું સામર્થ્ય વધારવા, સૌંદર્યનો બોધ કરાવવા. તેમાંથી તપોગિરીની યાત્રાનો અનુભવ થાય છે.

**અલંકારના પ્રકાર :**




**(૧) શબ્દાલંકાર :**

જેના વર્ણ કે શબ્દને આધારે સૌંદર્ય પ્રગટતું હોય અને શ્રુતિમાં માધુર્ય પ્રગટ કરે ત્યારે શબ્દાનુપ્રાસ અલંકાર બને છે. વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ, યમક વગેરે શબ્દાલંકાર છે.

**(૨) અર્થાલંકાર :**

અહી ચમત્કૃતિનો આધાર શબ્દના અર્થ પર છે. વાક્યના ભાવમાં પ્રગટતો અર્થ તેને સૌંદર્ય બક્ષે છે. ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, અનન્વય વગેરે અર્થાલંકરો છે. અર્થાલંકારને સમજવા કેટલાક પદો સમજી લઈએ.

**ઉપમેય :** વાક્યમાં જેની સરખામણી કરવામાં આવે છે તે .

**ઉપમાન :** જેની સાથે સરખામણી કરવામાં આવે છે તે .

**સાધારણ ધર્મ :** ઉપમાન – ઉપમેય વચ્ચે જે બાબતની સરખામણી કરવામાં આવે છે તે.

હવે દરેક અલંકારની સમજૂતી સાથે ઉદાહરણો આપ્યા છે તેનો અભ્યાસ કરીશું.

**શબ્દાલંકાર :**

**(૧) વર્ણાનુપ્રાસ કે વર્ણસગાઇ :**

એકનો એક અક્ષર વારંવાર પંક્તિ કે કથનમાં પુનરાવર્તન પામે અને તેના કારણે ભાષા કે વાણીમાંવૈવિધ્ય પ્રગટે ત્યારે ‘વર્ણાનુપ્રાસ’ કે ‘વર્ણસગાઇ’ અલંકાર બને છે. દા.ત.,

- પઠવાડથી કર્ણ આવ્યો, કપટ કરીને પાપી.
- કૃતવર્માએ કવચ કાપ્યું, અશ્વસ્થામાએ મુગટ,
- કાકા કરીને સાદ દીધો, કો નવ સંભાળે બોલ,
- કપટ કરીને કૃષ્ણ આવ્યા, રૂપ ઉંદરનું ધરી,
- લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો.
- કરજો , માફ હજારો પામર પાપ, જે.
- દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો.
- ઊભી બાળા વિવશ બનીને બારીએ બ્હાવરી શી.
- ચિરાયું ચિત્ત ઓચિંતું, વજ્રપાત થયો શિરે.
- વૃત્તિઓ સર્વ વ્હાલાની વિલોકી મુખ વાંચતી.

**(૨) શબ્દાનુપ્રાસ:**

પંક્તિ કે વાક્યમાં પ્રયોજાયેલા શબ્દોમાં ઉચ્ચાર એકસરખા થતા હોય તો તેને ‘શબ્દાનુપ્રાસ’ અલંકાર કહેવાય. જેમ કે –

- હવે રંગ, બની તંગ, મચાવી જંગ, પીયોજી ભંગ !
- વિકરાળ કેસરિયાળને પંપાળતો, બાપુ !
- હું જોઈ ભારતે ગૂંચાયેલી જાળ કરાળ કાળની.
- તમારું ભણતર જે કે ‘ એ સાચું ભાઈ !<br>અમારું ગણતર હવે શું કામમાં આવવાનું !
- આપણે આવળ બાવળ બોરડી.

(૩) યમક :

એક જ કથન પંક્તિમાં એક જ શબ્દ અથવા શબ્દસમૂહ વારંવાર પ્રયોજવામાં આવે અને દરેક વખતે તેનો અર્થ અલગ-અલગ થતો હોય ત્યારે યમક અલંકાર કહેવામાં આવે છે. શ્લેષ અલંકારથી આ અલંકાર આ રીતે જુદો પડે છે.

શ્લેષ અલંકારમાં એક જ શબ્દના એક જ વાક્યમાં બે કે તેથી વધુ અર્થ થતા હોય છે, જયારે યમક અલંકારમાં એક જ શબ્દ કે પંક્તિ બે કે તેથી વધુ વાર પ્રયોજાયા હોય છે અને તેનો અર્થ જુદો હોય છે. આ બંને અલંકાર વિશે આ સ્પષ્ટ સમજૂતી મેળવી લેવી હિતાવહ છે.

ઉદાહરણો :

- અખાડામાં જવાના મેં ઘણીવાર અખાડા કર્યા છે.
- સ્મિત વેરીને તમે વેરીને દોસ્ત બનાવો.
- નકશામાં જોયું તે જોયું ન કશામાં.
- જવાની તો જવાની.
- સહુએ એક વાત તો માનવી જ રહી કે માનવીને બનાવવાનું સહેલું નથી.

ધર્મેશભાઈ પટેલ
લેકચરર, ડાયેટ, આણંદ

# દુનિયાને બદલનારા વિજ્ઞાન પ્રયોગો

પ્રયોગ એ વિજ્ઞાનનું બળ છે. પ્રયોગોથી જ વિજ્ઞાન વિકાસ પામે છે. કોઈ પણ વસ્તુ આમ કેમ થયું ? તે જાણવા માટે પ્રયોગ કરીને ખાતરી કરવી પડે. આ પ્રયોગો ઘણી વાર સાવ સરળ અને સદા હોય પણ તેના પરિણામો ઘણાં મોટાં હોય છે. ઘણા મહાન વિજ્ઞાનીઓએ કરેલા આવા પ્રયોગોએ દુનિયા બદલી નાખી છે. તેમાંના કેટલાક જાણવા જેવા છે.

(૧) ૧૫૮૯માં ગેલેલિયોએ પ્રયોગ કરી સાબિત કર્યું કે ઉંચેથી ફેંકાયેલ તમામ ચીજો એક સરખી ઝડપથી જમીન પર પડે છે. પીસના ટાવર પરથી તેણે જુદા જુદા વજનના દડા એક સાથે જમીન પર નાખીને આ સિદ્ધાંત રજૂ કર્યો. આ સિદ્ધાંતને આધારે ગતિ અને ગુરુત્વાકર્ષણ સંબંધી સંશોધનોને વેગ મળ્યો.

(૨) પૃથ્વી પર મેઘધનુષ્ય લાખો વર્ષથી થાય છે. પ્રાચીન કાળના લોકોએ તે જોયું હશે પરંતુ તેમાં દેખાતા સાત રંગોનું રહસ્ય ઈ.સ. ૧૬૭૨માં આઈઝેક ન્યુટને પ્રયોગ કરીને શોધ્યું. ત્રિપશ્વ કાચમાંથી સફેદ કિરણ પસાર કરીને દીવાલ ઉપર તેણે મેઘધનુષ્ય ઉત્પન્ન કરવાનો પ્રયોગ કરીને સફેદ રંગ સાત રંગોનો બનેલો છે તેવી શોધ કરી ત્યાર પછી તો ઈન્ફ્રારેડ અને અલ્ટ્રાવાયોલેટ જેવા કિરણો રેડિયો એક્ટીવીટી અંગે અનેક સંશોધનોને વેગ મળ્યો.

(૩) ૧૭૯૮માં હેન્રી કેવેન્ડીશે સાવ સાદા પ્રયોગ દ્વારા પૃથ્વીનું વજન કર્યું. તેણે બે લાકડીઓ લીધી. એક લાકડીના બંને છેડે નાના દડા ફીટ કર્યા અને બીજી લાકડીના છેડે મોટા દડા ફીટ કરીને એક સાધન બનાવી તેના આધારે પૃથ્વીનું દળ નક્કી કર્યું. આ સાદા પ્રયોગે ગુરુત્વાકર્ષણ બળ અંગેના સંશોધનોનો પાયો નાખ્યો.

(૪) આર્કિમીડીઝે તો પોતે બાથટબમાં સ્નાન કરવા પડ્યો અને પાણી છલકાઈને બાથટબમાંથી બહાર પડ્યું. તેના પર ઊંડો વિચાર કરીને પ્રયોગો કર્યા અને શોધી કાઢ્યું કે પાણીમાં કોઈ વસ્તુ પડે ત્યારે તેના કદ જેટલા જ પાણીને સ્થળાંતર કરે છે. દરિયાના પાણીમાં હજારો ટનના જહાજ તરે છે તેનું રહસ્ય આર્કિમીડીઝના સાદા પ્રયોગે જ સમજાવ્યું હતું.

**ધર્મેશભાઈ રામાનુજ**
**ભાત તલાવડી પ્રા. શાળા**
**તા.ખંભાત**

## પ્રાણી જગતનું સત્ય

- કેટલાક કાચબાનું આયુષ્ય ૧૫૦ વર્ષનું હોય છે. ગાલાપેગાસ નામના ટાપુઓ પર ૨૩૦ કિલો વજનના વિરાટ કાચબા જોવા મળે છે.
- એક ઉંદરની જોડી એક વર્ષમાં બે હજાર જેટલા બચ્ચાઓ જણી શકે છે.
- ડબલ ડેકર બસ કરતા જિરાફ દોઢ મીટર વધુ ઊંચું હોય છે, પણ એની ગરદનમાં માત્ર સાત હાડકા હોય છે અને સ્વરતંતુ નબળા હોવાથી એનો કંઠ કામણગારો નથી.
- કાનડિયા તેમના જીવનનો ઘણો ખરો સમય હવામાં ઉડીને જ પસાર કરે છે. તેઓ ઊડતાં ઊડતાં જ શિકાર કરવાનું અને ખોરાક મેળવવાનું કામ કરે છે.
- સસલાના આગલા પગ કરતા પાછલા પગ વધુ લાંબા હોય છે.
- માખીની દરેક આંખમાં ચાર હજાર નાના લેન્સ હોય છે.
- હાથી રોજ ૨૦૦ કિલો ખોરાક અને ૨૦૦ કિલો પાણી પીવે છે.
- નર ઘોડાને ૪૦ દાંત હોય છે. દાંત પરથી તેની ઉંમરની અટકળ થાય છે.
- બકરીઓની પગની ખરીમાં આવેલી ગાદી જમીન સાથે વેક્યુમ ઊભું કરી ચોંટી જાય છે. આથી તે ઊભા પર્વત ચઢી શકે છે.
- ગોકળ ગાય ત્રણ ચાર વર્ષ સુધી ઊંઘી શકે છે.
- કૂતરાનું આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે.
- કાંગારુંને ખોરાક ચાવીચાવીને ખાતા લગભગ ચાર કલાક લાગે છે.

**ગીતાબેન પી. સોલંકી**
**આ. શિ. શ્રી આદર્શ પ્રા. શાળા**
**વાસણા, તા.બોરસદ**

# મહાત્મા ગાંધીના શિક્ષણ વિચારોનું સંકલન

મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮) અહિંસાના ધર્મપ્રચારક તરીકે ઓળખાય છે. વિશ્વમાં જે જીવો વસવાટ કરે છે તેમાં અહિંસાનો સિદ્ધાંત એ મનુષ્યનું ખાસ લક્ષણ છે. તેથી અહિંસાને એક શૈક્ષણિક ફિલસૂફી પણ કહી શકાય છે. તે જીવનનો પાયો છે. હાલના શિક્ષણમાં આ બાબતને કેન્દ્રના સ્થાને મૂકવાની જરૂર છે. ગાંધીજીનાં શિક્ષણદર્શનમાં બાળકના આધ્યાત્મિક વિકાસ માટેના શિક્ષણ, સામાજિક વિકાસ માટેના શિક્ષણ, સ્વની શોધ માટેના શિક્ષણ, જીવનના અનુભવોનું માટેના શિક્ષણ જેવી પાયાની બાબતોને સાંકળવામાં આવી છે. ટૂંકમાં, ગાંધીજીનું શિક્ષણદર્શન બાળકના સર્વાંગી વિકાસ માટેની એક સંપૂર્ણ દ્રષ્ટિ છે.

**પ્રસ્તાવના**

ગાંધીજીએ જણાવ્યું હતું કે શિક્ષણ દ્વારા બાળકના શરીર, મન અને આત્મામાં રહેલા સર્વશ્રેષ્ઠ અંશોને બહાર લાવી તેનો સર્વાંગી વિકાસ કરી શકાય છે. સ્ત્રી અને પુરુષ કોઈપણ જાતના બંધન અને ભેદભાવ વગર શિક્ષણ મેળવવાને હકદાર છે. શિક્ષણનું કાર્ય બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરી તેણે પૂર્ણતાની કક્ષાએ લઇ જવાનું છે. શ્રી મહાદેવભાઇ દેસાઈ આગળ વ્યક્ત કરેલ પોતાના વિચારોમાં ગાંધીજી કહે છે કે શિક્ષણ ત્યાં સુધી ઉપયોગી નથી જ્યાં સુધી તે એક સારા નાગરિકનું નિર્માણ ના કરી શકે, પછી ભલેને તે છોકરો હોય કે છોકરી. શિક્ષણ દ્વારા સારા નાગરિકોનું નિર્માણ કરીને રાષ્ટ્રને વધુ ને વધુ શક્તિશાળી બનાવી શકાય છે.

ગાંધીજીનું શિક્ષણદર્શન નીચેના હેતુઓને કેન્દ્રમાં રાખે છે –

- આધ્યાત્મિક વિકાસ માટે શિક્ષણ
- સામાજિક વિકાસ માટે શિક્ષણ
- સ્વશોધ માટે શિક્ષણ
- જીવન અનુભવો માટે શિક્ષણ
- સર્વોદય માટે શિક્ષણ
- વ્યાવસાયિક શિક્ષણ

ગાંધીજી સાચા શિક્ષણને આ રીતે વર્ણવે છે – "સાચું શિક્ષણ એ છે જે બાળકોના બૌદ્ધિક, આધ્યાત્મિક અને ભૌતિક પાસાઓને ઉછેરી પોતાની તરફ ખેંચે છે." એટલે કે એવું શિક્ષણ જે બાળકોને પૂરા પાડવામાં આવતાં તમામ અનુભવો તેમના સર્વાંગી વિકાસ – શારીરિક, માનસિક, નૈતિક, સૌંદર્યલક્ષી અને ધાર્મિક જેવા વિવિધ પાસાઓને કેન્દ્રમાં રાખી કાર્ય કરે. નૈતિક અને આધ્યાત્મિક વિકાસ માટે શિક્ષણ જ્ઞાન રૂપી પાત્ર દ્વારા અંતમાં મુક્તિ તરફ લઇ જવા માટે ગાંધીજીએ નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણ પર ભાર મૂક્યો અને આ માટે ગુજરાત વિદ્યાપીઠ(૧૯૨૯)ની સ્થાપના તે એક નોંધ પાત્ર પગલું હતું, જેમાં સાહિત્યિક તાલીમની સાથેસાથે વૈજ્ઞાનિક સંશોધન, ભાષાશાસ્ત્રો, વ્યવસાયો, અંગ્રેજીનો અભ્યાસ, સંસ્કૃત અને લલિતકલાની તાલીમને પણ મહત્વ આપવામાં આવે છે. જ્ઞાન જે મુક્તિ માટે રચાયેલ છે તે સમાજને આધ્યાત્મિક સ્વતંત્રતા તરફ દોરી જાય છે. ગાંધીજી કહે છે, " શિક્ષણ એ આત્માની જાગૃતિ છે." આધ્યાત્મિક વિકાસ માટે ગાંધીજીએ

અહિંસા, સ્વ, લાગણીનો સ્વીકાર, પ્રાર્થનાનું શિક્ષણ વગેરે બાબતો પર ભાર મૂક્યો છે. વિકાસશીલ સમાજ અને લોકશાહીના વિકાસ માટે ગાંધીજીના શિક્ષણના હેતુઓ બાળકોમાં શિક્ષણ દરમિયાન સહાનુભૂતિ, સેવા, પ્રેમ, ભાઈચારો, સમાનતા અને સ્વતંત્રતા જેવા ગુણોનું સિંચન કરી આદર્શ નાગરિક બનાવવાનાં હેતુઓને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે.

ગાંધીજી કહે છે, " વ્યક્તિગત અને રાષ્ટ્ર કલ્યાણ એકબીજાના પૂરક છે. તેથી તેમનામાં વધુને વધુ લોકશાહી નાગરિકત્વનાં ગુણો વિકસાવવા જોઈએ. જેથી એક રાષ્ટ્રના નિર્માણ અને વિકાસમાં તેઓ ભાગીદાર બને." સામાજિકતા અને સર્વોદયનાં વિકાસ માટે ગાંધીજી કહે છે કે શિક્ષણ દેશની જરૂરિયાતોને પૂરી કરનારું હોવું જોઈએ. દેશ અને દેશની જરૂરિયાતોથી પરિચિત હોવાથી ગાંધીજી મફત અને હસ્તકળા કેન્દ્રિત શિક્ષણની હિમાયત કરે છે. કારણ કે ભારતના ગામડાઓનાં ગરીબ લોકો શિક્ષણ માટે નાંણા ચૂકવી શકે તેમ નથી. માટે તેમના માટે હસ્તકલાનાં શિક્ષણ દ્વારા રોજીરોટી મેળવવાની તક ઊભી કરી શકે તેવા શિક્ષણને મહત્વનું વધારે છે. આથી ગાંધીજીની સામાજિક ફિલસૂફી 'સર્વોદય' તરીકે પણ ઓળખાય છે. જેમાં વ્યક્તિગત વિકાસ દ્વારા સર્વના વિકાસની બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને જાતિ, પંથ, જ્ઞાતિ અને રાષ્ટ્રીયતાના ભેદભાવ વિનાના સર્વાંગી વિકાસનો ધ્યેય રાખવામાં આવેલ છે. સર્વોદય દ્વારા સામાજિક અનિષ્ટોનું રાજકીય, આર્થિક સામાજિક રીતે વિકેન્દ્રીકરણ કરવાની જરૂર છે. આ ઉદ્દેશ્યોને હાંસલ કરવા ગાંધીજીએ જે શિક્ષણ યોજના રજૂ કરી તેણે 'નઈ તાલીમ' નામ આપવામાં આવ્યું જેણે દેશમાં એક નવા સમાજની રચના કરવાની માગ ઊભી કરી. આ યોજના અંતર્ગત રાષ્ટ્રીય નવજીવનના વિવિધ વિભાગોની જરૂરિયાતોને પરિપૂર્ણ કરી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય બાબતોમાં કલ્યાણ અર્થે માર્ગદર્શન આપવાની બાબત કેન્દ્રમાં રાખવામાં આવી. આમ, ગાંધીજીની શિક્ષણની ફિલસૂફી માનવતાવાદ પર આધારિત છે એમ કહી શકાય. સ્વશોધ માટે શિક્ષણ સ્વશોધને સ્પષ્ટ રીતે મહત્વ આપતા ગાંધીજી જણાવે છે, "હું વ્યક્તિગત સ્વતંત્રતાની કદર કરું છું, પરંતુ તમે એ ન ભૂલશો કે માણસ અનિવાર્યપણે સમાજમાંથી આવે છે અને સમાજની જરૂરિયાતો અને પ્રગતિ માટે તેણે પોતાના વ્યક્તિત્વને સંતુલિત કરતા શીખીને પોતાની જાતને ઉપર લાવવી જોઈએ." કોલેજના વિદ્યાર્થીઓને સંબોધતા તેઓ કહે છે, "જો તમારું શિક્ષણ જીવનને લગતું હોય તો તેની સુગંધ જરૂર તેની આસપાસના યુવાનોમાં પ્રસરાવી જોઈએ. તમારે તમારા સમયનો થોડો ભાગ તમારી આસપાસ રહેતા લોકોની સેવા કરવામાં ખર્ચવો જોઈએ. માટે તમારે પાવડા, ઝાડું અને ટોપલો લઇ તૈયાર થઇ જવું જોઈએ. આ પવિત્ર જગ્યાના સ્વૈછિક સફાઈ કામદાર બનવું જોઈએ. તે જ તમારા શિક્ષણનો સૌથી કિંમતી ભાગ હશે, નહિં કે સાહિત્યિક પુસ્તકોને ગોખવા." વિવેકાનંદની જેમ ગાંધીજી પણ ચારિત્ર્ય નિર્માણ અને માનવ કૌશલ્યોને એક સમાન મહત્વ આપે છે.

### જીવન અનુભવો માટે શિક્ષણ :

જીવન અનુભવોના શિક્ષણ માટે ગાંધીજી પાયાના શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણને પ્રાધાન્ય આપે છે. શિક્ષણ મેળવ્યા બાદ બાળક પોતાની જાતને સ્વનિર્ભર બનાવી શકે તે માટે ગાંધીજી નીચેની બાબતોને ધ્યાનમાં લે છે – પાયાનું શિક્ષણ સર્વોદય સમાજના બાળકોની જરૂરિયાતોને પૂરી કરવા ગાંધીજી કાર્ય શિક્ષણ અને માતૃભાષા દ્વારા શિક્ષણને મહત્વ આપે છે. પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ પાયાનું શિક્ષણ નીચે મુજબના સિદ્ધાંતો પર કેન્દ્રિત છે –

- પ્રથમ સાત વર્ષ માટે મફત અને ફરજીયાત શિક્ષણ
- માતૃભાષા દ્વારા શિક્ષણ
- આ સમયગાળા દરમિયાન બાળકને તેના વાતાવરણને અનુરૂપ હસ્તકળાની તાલીમ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

**સમવાયી શિક્ષણ**

દેશમાં શાંત સામાજિક ક્રાંતિ લાવતા પાયાના શિક્ષણની વાત કરતા ગાંધીજી કહે છે, "આનાં દ્વારા સામાજિક દૂષણોથી ઘેરાયેલ સમાજમાં શહેર અને ગામડા તથા વિવિધ જાતિ વચ્ચેના વૈમનસ્યમાં ઘટાડો થશે અને નવા સંબંધો વિકસાવવામાં મદદરૂપ થશે...."

**કાર્યશિક્ષણ**

કાર્યશિક્ષણ દ્વારા ગાંધીજી કહે છે, "બાળકના શરીર, મન અને આત્માનો સર્વાંગી વિકાસકાર્ય શિક્ષણ દ્વારા થાય છે. તેના દ્વારા ઈતિહાસ, ભૂગોળ ગણિત જેવા વિષયોને કાર્યશિક્ષણ સાથે સાંકળી સમવાયી શિક્ષણ દ્વારા બાળકમાં રહેલી શક્તિઓને બાહર લાવવાની છે. કાર્યશિક્ષણમાં કાંતવું, સુથારીકામ, ખેતી, બાગાયત જેવા વિવિધ ગ્રામીણ કૌશલ્યોને મહત્વના ગણાવ્યા છે. વ્યક્તિગત અને સામાજિક જરૂરિયાતો આધારિત, સ્થાનિક જરૂરિયાતો આધારિત, સ્થાનિક પરિસ્થિતિ આધારિત, બાળકના રસ, રુચિ અને વલણ આધારિત, બિનખર્ચાળ અને સાદગી આધારિત અને બાળકોના સર્વાંગી વિકાસ આધારિત કાર્યશિક્ષણ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત પણ હતું. પોતાના જીવનનિર્વાહ માટેના શિક્ષણના હિમાયતી ગાંધીજી શિક્ષણના માધ્યમ તરીકે તો માતૃભાષાને મહત્વની ગણે છે. ગાંધીજીને મન માતૃભાષા એ માતાનાં ધાવણ સમાન છે, જે બાળકનું જીવનપોષણ કરે છે. જડ સમયપત્રક વિનાના શિક્ષણ દ્વારા શિક્ષણનો ભાર ઘટાડવાની વાત ગાંધીજી કહે છે.

**વ્યાવસાયિક શિક્ષણ :**

ગાંધીજી એ ભારતની બેરોજગારીને ધ્યાનમાં રાખીને વ્યાવસાયિક શિક્ષણ મહત્વ આપ્યું છે. તેઓ કહે છે, "ચૌદ વર્ષની ઉંમરે પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ દરેક બાળક પોતાના ઘર માટે એક કમાઉ એકમ બની રહેવો જોઈએ... જે આગળ જતાં તેમની હીન ભાવનાને ઘટાડે છે. અને આથી જ શિક્ષણ દરેકને રોજી મેળવવામાં મદદ કરનાર બની રહેવું જોઈએ જેથી બેરોજગારીની માત્રામાં ઘટાડો કરી શકાય." (સત્યનો અવાજ – ભાગ ૬)

આમ, કહીએ તો ગાંધીજીનું શિક્ષણદર્શન એ માત્ર બાળકના સર્વાંગી વિકાસને જ કેન્દ્રમાં રાખતું નહોતું પરંતુ તેને મેળવ્યા બાદ તેને પોતાને સ્વનિર્ભર બની પોતાનું અને પોતાના પરિવારના ભરણપોષણમાં સહાયક બનવા માટે સક્ષમ બનાવનાર છે. બાળકમાં આત્મવિશ્વાસ અને આત્માસન્માનની ભાવનાનો વિકાસ કરનાર છે. જે આજના સાંપ્રત સમયમાં ખૂબ જ જરૂરી પુરવાર થાય તેમ છે

**પિયુષકુમાર ચાવડા**

**બી.આર.સી., ખંભાત**

# નવતર પ્રયોગ : વાચન સમસ્યા

**પ્રયોગનું વિગત વાર વર્ણન :**

અત્રેની શાળામાં ધોરણ ૫ ના વિદ્યાર્થીઓ વાચનમાં ખૂબજ કાચા હતાં. મૂળાક્ષરો પણ ઓળખી શકતા ન હતા. આવા વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યક્રમ મુજબ નીચે જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવી.

**(૧) મૂળાક્ષર પત્તા દ્વારા ઓળખ – વાચન , લેખન**

વિદ્યાર્થીઓને મૂળાક્ષરના પત્તા બતાવી તેની ઓળખ માટે નોટમાં લેખન કરતા શીખવવામાં આવ્યું. ત્યાર બાદ એક મૂળાક્ષર પાંચ વાર બોલીને લખવા આપ્યો. તેથ બાળકો મૂળાક્ષર ઓળખતા થયા.

**(૨) તૂટક વાચન :**

અમુક વિદ્યાર્થીઓ તૂટક તૂટક વાચન કરે છે. આવા બાળકો માટે સદા વાક્યોની વાક્ય પટ્ટીઓ તૈયાર કરી દરરોજ તેનું વાચન કરાવવામાં આવ્યું. શબ્દ પટ્ટી, વાક્ય પટ્ટી દ્વારા વાચનનો મહાવરો કરાવવામાં આવ્યો. જેથી વાક્ય વાચનમાં સુધારો જોવા મળ્યો. જોડાક્ષર વગરની વાર્તાઓનું વાચન કરાવવામાં આવ્યું.



(૩) **જોડાક્ષર વાચન :**

જોડાક્ષર વાળા શબ્દોનું વાચન કરતા બાળકો મૂળાક્ષરો છુટ્ટા બોલતાં હતા. તેથી પત્તા પર જોડાક્ષર પર શબ્દો લખી વારંવાર વાચન કરાવવામાં આવતા બાળકો જોડાક્ષર વાંચનનો મહાવરો કરે છે. જોડાક્ષર વાંચનકાર્ય ચાલું છે.

**મૂલ્યાંકન :**

વાચન સમસ્યા નવતર પર્યોગ મુજબ કરવાથી બાળકોના વાચનમાં સુધારો જોવા મળ્યો.

**પરિણામ :** બાળકો સદા વાક્યોનું વાચન કરે છે.

**નવતર પ્રયોગની હાલની સ્થિતિ :** પ્રયોગ ચાલુ છે.

**નવતર પ્રયોગનો વિભાગ :** શૈક્ષણિક

**સલાહ આપનાર : સેજલબેન એ. પરમાર**

**રાજનગર પ્રા. શાળા,**
**ચિખોદરા-૩૮૮૩૨૦**

# મેળો

મેળો જામ્યો ભાઈ મેળો જામ્યો
ગામના પાદરે મેળો જામ્યો
ચાલ જોવા જઈએ હું ને તું
પકડજે ભાયલા આંગળીતું
ભૂલા ન પડીએ હું ને તું
ફૂગ્ગારે લીધા અમે રમકડાં લીધા
પાવો વગાડશું હું ને તું
ગોળ ગોળ ચકડોળ ફરે છે કેવો
ચાલ બેસી જઈએ ભાઈ હું ને તું
દૂર થી દેખાય છે દૂરબીન વાળો
ચાલ જોઈ લઈએ હું ને તું

સાભાર : કલરવ

પ્રતાપસિંહ સોઢાપરમાર
ઊંટખરી, તા.ઉમરેઠ, જિ.આણંદ

# તહેવારો

મજા પડે ભાઈ મજા પડે
તહેવાર આવે ને મજા પડે
દિવાળી આવેને દીવડાં રે થાતા
રંગોળી પૂરતાને ફટાકડા ફોડતા
લાડવા ખાવાની મજા પડે
નવરાત્રી આવે નવદાડા મસ્તી
ગરબે ઘુમવાની મજા પડે
ઉત્તરાયણ આવે પતંગો લાવે
કોઈ નો કપાય છે ને કોઈ નો લૂંટાય છે
ઊંધીયુ જલેબી ખાવાની મજા પડે
રક્ષાબંધન આવે અને બેનડી રે આવે
બેસાડે સામેને આરતી ઉતારે
કરાવે તિલકને લાલ બાંધે રાખડી
પેંડા ખાવાની મજા પડે
હોળી આવેને હૈયું હરખાવે
ખજૂર ધાણીને ચણારે ખાયે
રંગ ગુલાલ ઉડાડવાની મજા પડે.

**સાભાર : કલરવ**

**પ્રતાપસિંહ સોઢાપરમાર**
**ઊંટખરી, તા.ઉમરેઠ, જિ.આણંદ**

માનવીઓ હંમેશા તેઓ જે બનવા તેમની જાતે ઈચ્છે છે તે બને છે. જો હું એમ વિચારવા માંડું કે હું કઈ જ કરી શકતો નથી તો હું કંઈ પણ કરવા અસમર્થ બનીશ. પરંતુ જયારે હું માનું છું કે હું કરી શકું છું તો મારામાં એમ કરવાની યોગ્યતા પણ આવી જશે કે જે શરૂઆતમાં મારી પાસે ન હતી.

-મહાત્મા ગાંધી

# વિચાર માધુરી

### કર્મ

કર્મના આ ખેતરમાં તમે જેવી વાવણી કરશો એવી જ કાપણી કરવાની આવશે.

### માણસાઇ

માણસાઈનો દુકાળ  દૂર કરવો છે તો તમે જાતે જ સારા માણસ બનવાનો આગ્રહ રાખો

### મૂલ્ય

કિંમત એ છે  જે તમે ચૂકવો છો અને મૂલ્ય એ છે  જે તમે મેળવો છો.

### લક્ષ્ય

જીવનની કરુણતા એ નથી કે આપણે  આપણા લક્ષ્ય સુધી નથી પહોંચી શકતા,પરંતુ કરુણતા એ છે એ પહોંચવા માટે, આપણી પાસે લક્ષ્ય જ નથી.

### ધ્યેય પ્રાપ્તિ

ધ્યેય પ્રાપ્તિ તરફ એક ડગલું તમે ભરો, બીજું પ્રભુ ભરાવશે.

### સર્જન

દરેક સર્જનને પોતાનું સૌંદર્ય છે પણ દરેક આંખો  એ જોઈ શક્તિ નથી.

### આંખ

માનવતાની આંખ એ માઈક્રોસ્કોપ જેવી છે દુનિયા હોય એના કરતા પણ મોટી બનાવી દે છે.

### નિર્ણયો

નિર્ણયો તમારા ભાગ્યની દિશા નક્કી કરે છે.

### જીત

સંઘર્ષ જેટલો કઠિન હશે,  જીત એટલીજ શાનદાર હશે.

### ધ્યેય

તમારા મિશનમાં સફળ થવા માટે એકાગ્ર ચિત્તે તમારી જીતને ધ્યેય માટે સમર્પિત કરો

### માણસ

દરેક માણસ મરે છે  પણ દરેક માણસ ખરેખર જીવી શકતો નથી.

### સફળતા

જેઓએ જીવનમાં સફળતા પ્રાપ્ત કરી છે તેઓ બધા જ પુરૂષાર્થવાદીઓ હતા, તેમણે કયારેય એમ નહોતું કહ્યું, કે નસીબમાં હશે તેમ થશે.

### નિરાશાવાદ

નિરાશાવાદ વિધ્વંશને નોતરે છે, નિરાશા એક મોત છે, રીબાવી રીબાવીને મારતું મોત.

### વર્તુળ

વર્તુળની બહાર વિચારવાને બદલે, વર્તુળની બહાર જ થઇ જાવ.

શરદભાઈ એચ. પટેલ
લેકચરર, ડાયેટ, આણંદ

## સંસ્થાકીય કાર્યક્રમો : કેમેરાની કેદમાં



















11/10/2014 09:03

11/10/2014 08:58

11/10/2014 08:57

11/10/2014 08:55

10/10/2014 14:39

11/10/2014 11:40

# સંસ્થાકીય કાર્યક્રમોની ઝાંખી

- DRU શાખા અંતર્ગત ડાયેટ, મુકામે વસતી શિક્ષણ એકમ જિલ્લા કક્ષાની રોલપ્લે, લોકનૃત્ય અને પોસ્ટર સ્પર્ધાનું આયોજન તા. ૭/૧૦/૧૪ના રોજ કરવામાં આવ્યું હતું.. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ થીમ આધારિત રજૂઆત કરી હતી.
- શાખા અંતર્ગત ડાયેટ , મુકામે ભાષા શિક્ષણને ઉત્તેજન મળે , વધુ સજ્જતા કેળવાય તેવા ઉદ્દેશ સાથે તા.૯/૯/૧૪ થી ૧૦/૯/૨૦૧૪ ના રોજ ભાષા સજ્જતા તાલીમ વર્ગ આયોજિત કરવામાં આવ્યો. તેમાં વ્યાકરણ, કવિતાના રાગ, પાઠ્યપુસ્તકમાં આપેલ વિવિધ ભાષા સજ્જતાના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.
- શાખા દ્વારા ડાયેટ , મુકામે તા.૧૫/૯/૧૪ થી ૧૬/૯/૧૪ સુધી બે દિવસીય સંગીત વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળગીત, જોડકણા, અભિનય ગીતો, છંદ વગેરે શિક્ષણ અને તજજ્ઞ ઉભયપક્ષે સાથે રજૂઆત કરી હતી.
- શાખા દ્વારા તા.૨૨/૯/૧૪ થી ૨૩/૯/૧૪ નાર કુમાર શાળામાં તથા તા.૨૪/૯/૧૪ થી તા.૨૫/૯/૧૪ ના રોજ વઘાસી મુકામે ઇનોવેશન શેરીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં જિલ્લાના ૧૧૭ જેટલા ઇનોવેટીવ શિક્ષકોનું પ્રેઝન્ટેશન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
- શાખા દ્વારા પ્રશ્નપત્ર સંરચના વર્કશોપનું, ડાયેટ મુકામે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રિપરિમાણદર્શક ચાર્ટની રચના કરી નિયત ફોરમેટ મુજબ પ્રશ્નપત્રની રચના કરવામાં આવી હતી.


રવાના:-

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

મુ.વલાસણ, તા.આણંદ,
જિ.આણંદ.

પીન : ૩૮૮૦૦૧


**O.I.G.S** **Priented Matter** **Book-Post**

પ્રતિ,
આચાર્યશ્રી,
_______________પે.સેન્ટર/પ્રાથમિક શાળા
તાલુકો:_______________
જિ.આણંદ.